## -: બ્રેઈનસ્ટોર્મીંગ એક્ટીવીટી અંતર્ગત અહેવાલ :-

| | |
|---|---|
| **દિવસ:-** | તા. ૧૪/૦૯/૨૦૨૪ ને શનિવાર |
| **સ્થળ:-** | એફ. વાય. મેજોર ફિઝીક્સ ક્લાસ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગારીયાધાર |
| **આયોજક:-** | ડો. કાંતિભાઈ જી. બાંભણીયા |
| **સહ-આયોજક:-** | --- |
| **આયોજનની નોંધપાત્ર અગત્યતા:-** | વિદ્યાર્થીઓમાં સંશોધન ક્ષેત્રે અભીરૂચી વધે તે માટે તેઓ જનજીવનને લગતી સમસ્યાઓને ઓળખે અને તેનાં સંભવિત ઉકેલ વિશે વિચારે તે ખુબ જરૂરી છે. આ હેતુ માટે સંશોધન ક્ષેત્રે અભિરૂચી ધરાવતાં વિદ્યાર્થીઓ સામાન્ય જનજીવનને લગતી સમસ્યાઓની ચર્ચા-વિમર્શ કરી શકે તે માટે એક 'બ્રેઈનસ્ટોર્મીંગ એક્ટીવીટી' નું આયોજન તા. ૧૪/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. |
| **ટૂંકો અહેવાલ:-** | તા. ૧૪/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે થી ૧૧:૦૦ કલાક સુધી બ્રેઈનસ્ટોર્મીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોર્ડીનેટરશ્રી, ડો. કે. જી. બાંભણીયા દ્વારા આ કાર્યક્રમના આયોજનનો ઉદેશ અને બ્રેઈનસ્ટોર્મીંગ એટલે શું – તેની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી. ડો. બાંભણીયાએ વિવિધ સામાજીક જનજીવનની સમસ્યાઓના ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને સંશોધનના અવકાશ વિશે માહિતગાર કર્યા હતા.<br><br>બી.એસ.સી. સેમેસ્ટર-૩ ના વિદ્યાર્થી ખસિયા વિવેકે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ઘન કચરાના યોગ્ય નિકાલ માટે પોતાના વિચારો રજુ કર્યા હતા. અન્ય વિદ્યાર્થીઓએ પણ આ બાબત પર પોતપોતાના મંતવ્યો રજુ કર્યા હતાં. બી.એસ.સી. સેમેસ્ટર-૫ ના વિદ્યાર્થી રાજકોટિયા નિકુલે જણાવ્યું કે ઉજાગરા અને થાક સાથે ડ્રાઈવિંગ કરતાં ડ્રાઈવરોને ઝોકું આવતાં અકસ્માતોની સંભાવના વધી જાય છે. આ અકસ્માતોના સંભવિત ઉકેલ માટે તેમણે એન્ટી-ડ્રાઈવિંગ સેફ્ટી સિસ્ટમ બનાવવાનું સૂચવ્યું હતું. બી.એસ.સી. સેમેસ્ટર-૫ ના વિદ્યાર્થી ઉપાધ્યાય પાર્થે લેસર બીમ આધારિત ચોર સેફ્ટી સિસ્ટમ પર પોતાના વિચારો રજુ કર્યા |

| | |
|---|---|
| | હતા. બી.એસ.સી. સેમેસ્ટર-૧ ના વિદ્યાર્થી ચૌહાણ ધવલે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ગટરના પાણીનો પુન:ઉપયોગ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. અંતમાં, રસાયણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ, ડો. નયનકુમાર એમ. પાંચાણી દ્વારા કૃષિ ક્ષેત્રે સંભવિત સંશોધનો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. |

**કાર્યક્રમ અંતર્ગત ફોટાઓ:-**




**Fig.-1 :- Briefing by Dr. K. G. Bambhaniya**




**Fig.- 2:- Student discussing problems**



**Fig.- 3:- Student discussing problems**




**Fig.-4 :- Guiding by Dr. N. M. Panchani**

**આયોજનનું આઉટપુટ:-**

કેટલાંક વિદ્યાર્થીઓ જનજીવનની સમસ્યાઓ ઓળખી, તેનાં સંભવિત ઉકેલ વિશે પોતાના નવિનતમ વિચારો રજુ કરતાં જોવા મળેલ. જે તેમની સંશોધન પ્રત્યેની અભિરૂચી દર્શાવે છે.

**(ડો. કે. જી. બાંભણીયા)**
સંયોજક, SSIP & ઈનોવેશન ક્લબ

આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
ગારીયાધાર જિ ભાવનગર